ક્રિમીનલ કેસ નંબર - ૫૬૯૪૭/૨૦૨૧

ફરીયાદી - શ્રી સરકાર
મુળ ફરીયાદી - નિતીન કાશીનાથ પાટીલ
વિરુધ્ધ

આરોપી - અબ્દુલ કાદીર પપ્પુ શેખ

## આંક-૧ લગત હુકમ

આ કામના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ ૩૭૯ માં જણાવ્યા મુજબની શિક્ષાપાત્ર ગુનાનો આરોપ છે. આ કામે ફરીયાદીએ હાજર થઇ આંક - ૪ ની પુરશીસ આપેલ છે જે વંચાણે લીધી. આમ મુળ ફરીયાદી/ભોગ બનનાર તરફથી પુરશીશ રજુ કરી તેઓ સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી અને ગુનાની માંડવાળ કરીએ છીએ તેવું જાહેર કરેલ છે. અને સદરહુ પુરશીશ પર એ.પી.પી.શ્રીએ સીન નો શેરો કરેલ છે.

ક્રિ.પ્રો.કોડની કલમ - ૩૨૦ (૧) મુજબ સદર ગુનાના કામે જે વ્યક્તીની મિલકત ચોરાયેલ હોય તે વ્યક્તી ગુનાની માંડવાળ કરી શકે છે. અને તે મુજબ પુરશીશ કામે દાખલ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આજ રોજ સદરહુ સમાધાન સ્વીકારી ક્રિ.પ્રો.કોડની કલમ - ૩૨૦(૧) સાથે વાંચતા કલમ - ૩૨૦(૮) અન્વયે આ કામના આરોપીઓને તેમના સામેના આરોપ માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ બાબતે અગાઉ કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અને જો કોઇ હુકમ કરવામાં આવેલ ન હોય તો તેના માલીકીની ખરાઇ કરી માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીના ખત તથા જામીનખત રદ કરવા.

હુકમની જાણ સંબધીત પોલીસ સ્ટેશને કરવી

હુકમ આજ રોજ તારીખ ૧૨ માર્ચ, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૨
સુરત

(મોહંમદ સઇદ એમ.શેખ)
એડિશનલ સિવીલ જજ અને
જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સુરત
જીજે૦૧૨૦૦